# વિદ્યાસહાયક ભરતી –વર્ષ 2018-19

## (ધો.1 થી 5 અને 6 થી 8 અન્ય માધ્યમ)

## સ્વીકાર કેન્દ્ર માટે માર્ગદર્શન સૂચનાઓ

1. **સ્વીકાર કેન્દ્ર ઉપર મેન્યુઅલ અરજી ફોર્મ રીસીવ કરવા માટેનો સમય તા.18/06/2018 થી તા.28/06/2018 (રવિવાર સિવાય)ના દિવસો દરમિયાન 11-00 થી 17-00 કલાકનો રહેશે.**
2. સ્વીકાર કેન્દ્ર ઉપર પુરતા કર્મચારી અને કોમ્પ્યુટર જાણકાર કર્મચારીઓની વ્યવસ્થા રાખવી અને સેન્ટર ઉપર **ધોરણ-1 થી 5 અને ધોરણ 6 થી 8–અન્ય માધ્યમના** ઉમેદવારોના ફોર્મ સ્વીકારવાના રહેશે.
3. આ કામગીરીમાં કામ કરનાર આ કામગીરીના અનુભવી હોય તેવા કર્મચારીઓને જીલ્લા કક્ષાએથી આદેશ કરવાના રહેશે અને આ કામગીરી ઉપર એક જાણકાર કેળવણી નિરીક્ષકને સુપરવિઝનની કામગીરી સોંપવી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સમગ્ર કામગીરીનું વખતોવખત મૂલ્યાંકન અને સંકલન કરવું તથા દરરોજ જાતે એક અથવા વધુ વાર રીસીવીંગ કેન્દ્રની મુલાકાત લેવી
4. સેન્ટર ઉપર અરજી ફોર્મ રીસીવ કરતાં પહેલાં નીચેની વિગતોની મેન્યુઅલી ચકાસણી કરવી
   a. અરજી ફોર્મ સાથે જોડેલ જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રકોની ઝેરોક્ષ નકલની અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરવી. અસલ પ્રમાણપત્રો જોવા અનિવાર્ય છે.
   b. નીચેના ક્રમમાં પ્રમાણપત્રો અરજીપત્રક સાથે જોડાવી અરજી સ્વીકારવી.
      (1) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (2) જાતિ અંગેનું પ્રમાણપત્ર (3) નોન-ક્રિમેલીયર સર્ટી (SEBC) (4) શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર (5) માજી સૈનિકનું પ્રમાણપત્ર (6) HSC ની માર્કશીટ (7) TET ની માર્કશીટ (8) સ્નાતકની માર્કશીટ (9) સ્નાતકનું ટ્રાયલ સર્ટી (10) B.Ed/P.T.C./D.El.Ed માર્કશીટ (11) B.Ed/P.T.C./D.El.Ed ટ્રાયલ સર્ટી (12) અનુસ્નાતકની માર્કશીટ (13) અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટી (14) N.C.T.E./R.C.I. ની માન્યતાનું પ્રમાણપત્ર (B.Ed/P.T.C./D.El.Ed માટે) (15) ઉમેદવારે ફી ભર્યાની પાવતીની નકલ
   c. અરજી ફોર્મ સ્વીકારવા બદલ ફોર્મ સ્વીકારનાર કર્મચારીએ પાવતી ઉપર સહી કરી પાવતીની એક નકલ ઉમેદવારને આપવી.
5. **વય મર્યાદા માટેઃ**
   a. જન્મ તારીખ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ચકાસી, ઉંમરની ચકાસણી કરવી .
   b. વય-મર્યાદામાં આવતા ન હોય તેવા ઉમેદવારની અરજી સ્વીકારવી નહીં આ માટે ચેકલીસ્ટ વેબ-સાઈટ ઉપર મુકેલ છે, તે મુજબ ચકાસણી કરવી

6. **કેટેગરી માટેઃ**
   a. સક્ષમ અધિકારીએ આપેલ જાતિનાં પ્રમાણપત્રની ચકાસણી કરવી.
   b. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કિસ્સામાં -ક્રિમીલેયર સર્ટીફીકેટ રજૂ કરેલ હોય તો જ તે કેટેગરીમાં ગણવા.
   c. ક્રિમીલેયર સર્ટીફીકેટ તા.01/04/2016 થી તા.28/06/2018ના સમયગાળાનું જ હોવું જોઇએ
7. **શારીરિક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવાર માટેઃ**
   a. સિવીલ સર્જનનું પ્રમાણપત્ર ચકાસવું (જાહેરાતમાં દર્શાવેલ અશક્તતાની ટકાવારીની ચકાસણી કરીને જ ફોર્મ સ્વીકારવું.
8. **માજી સૈનિક માટેઃ**
   a. ઉમેદવારે ઓછામાં ઓછી 6 માસની નોકરી આર્મ ફોર્સીસમાં હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જોઇએ.
9. **લાયકાત માટેઃ**
   a. વેબસાઈટ ઉપર મુકેલ શિક્ષણ વિભાગના પ્રાથમિક શાળા/ઉચ્ચ પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક નિમણૂંક અંગે તા27/04/2011 ના ઠરાવ અને તે લગત તા.14/07/2011, તા.03/05/2012 અને તા.18/05/2012 થયેલ સુધારા ઠરાવ, પ્રાથમિક શિક્ષકોની યોગ્યતા કસોટીનો અંગે તા.26/04/2012 અને પસંદગી સમિતિની રચના અંગેના તા.25/05/2010 ઠરાવ મુજબ શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અન્ય બાબતોની ચકાસણી કરીને જ અરજી ફોર્મ સ્વીકારવા. (ઠરાવ વેબસાઇટ ઉપર મુકેલ છે)
   b. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-1112-સીંગલ ફાઇલ-7-ક, તા.26/04/2012 અને તેના તા.28/04/2016 ના સુધારા ઠરાવ મુજબ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમ સિવાયની પ્રા.શાળામાં ઉર્દુ, મરાઠી, તમિલ, ઉડિયા, માધ્યમની શાળામાં શિક્ષક થવા માટે
      i. જે તે માધ્યમમાં ધોરણ 10 સુધી ભણેલા હોવા જોઇએ અથવા
      ii. ધો.11 અને/અથવા ધો.12 માં તે માધ્યમની ભાષા એક વિષય તરીકે લીધેલ હોવી જોઇએ અથવા
      iii. P.T.C.(D.EL.Ed) ની પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલ હોવી જોઇએ

   c. ગુજરાત રાજ્ય સિવાય અન્ય રાજ્યમાં લેવાયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા અથવા CBSE બોર્ડ દ્વારા લેવામાં આવતી કેન્દ્રીય શિક્ષક યોગ્યતા પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલ હોવી જોઇએ.
   d. ટ્રાયલ મુજબ ગુણ ગણતરી કરી અરજીમાં ગુણ દર્શાવેલ છે કે કેમ તે જોવું.(સુચના ક્રમ-11 માં આપેલ સુચના મુજબ ચકાસણી કરવી)
   e. જે લાયકાતમાં એક કરતા વધુ ટ્રાયલ હોય તો તે લાયકાતના બધા જ ટ્રાયલની પ્રમાણિત માર્કશીટ અચુક સામેલ કરાવવી, અન્યથા અરજી સ્વીકારવી નહી.

f. પી.ટી.સી./બી.એડ/D.EL.Ed માટે NCTE/RCI ની માન્યતાનું પ્રમાણપત્ર સામેલ કરાવવું
g. અનુ.સ્નાતકની લાયકાત ધરાવતા હોય તો તેની ચકાસણી કરી અનુ.સ્નાતક માર્કશીટની નકલ અરજીપત્રક સાથે જોડાવવી.
h. યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય રહેશે રાજ્ય બહારની યુનિવર્સિટી Open and distance learning દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય રહેશે નહી.આ અંગે ચકાસણી કરી અરજીપત્રો લેવાં.
i. સેમિસ્ટર પધ્ધતિમાં સ્નાતક થનાર ઉમેદવારની તમામ સેમિસ્ટરની માર્કશીટ સામેલ કરાવી તમામ સેમિસ્ટરના કુલ ગુણ અને મેલવેલ ગુણ અરજીમાં દર્શાવવા જ્યાં ફક્ત CGPA દર્શાવેલ હોય ત્યાં ઉમેદવાર પાસેથી યુનિવર્સિટી અથવા કોલેજમાંથી મેળવેલ ગુણ ભરાવવા અથવા ગુણ/ટકામાં રૂપાંતર માટે ફોર્મ્યુલા મુજબ ગુણ ગણતરી કરી ભરાવવા

**10. શિક્ષક યોગ્યતા કસોટી :**

**શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ પીઆરઈ-1112-સીંગલફાઈલ-7-ક, તા.26/04/2012 અને તા.28/04/2016 ના સુધારા ઠરાવની જોગવાઈ મુજબની પાત્રતા ધરાવતા ઉમેદવારોની અરજીઓ સ્વીકારવી.**

**11.** **ધોરણ 1 થી 5 માટે અરજી કરતાં ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ /112017/સીંગલફાઇલ-6/ક, તા.22/03/2017ની જોગવાઇ મુજબ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં નોકરી કરતાં નિમ્ન પ્રાથમિક ધોરણ 1 થી 5 ના વિદ્યાસહાયકોએ ધોરણ 1 થી 5 ની જગ્યા માટે ઉમેદવારી કરવા માંગતા હોય તો N.O.C મેળવેલ છે કે કેમ તેની ચકાસણી કરી અરજી સ્વીકારવી. N.O.C ન મેળવેલ ઉમેદવારોની અરજી સ્વીકારવાપાત્ર નથી.**

**12.** **ધોરણ 6 થી 8 માટે અરજી કરતાં ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/ 112017/સીંગલ ફાઇલ-6/ક, તા.22/03/2017ની જોગવાઇ મુજબ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં નોકરી કરતાં ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8 ના વિદ્યાસહાયકોએ ધોરણ 6 થી 8 ની જગ્યા માટે ઉમેદવારી કરવા માંગતા હોય તો N.O.C મેળવેલ છે કે કેમ તેની ચકાસણી કરી અરજી સ્વીકારવી. N.O.C ન મેળવેલ ઉમેદવારોની અરજી સ્વીકારવાપાત્ર નથી.**

**13 . ગુણની ચકાસણી માટે નીચેની સૂચનાઓમુજબ ગણતરી કરી ચકાસણી કરવી.**

1. કોઈપણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓનાં ગુણપત્રકમાં જે કુલ ગુણ(Grand Total) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ(Obtain Marks) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવાના થાય.
2. કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો
   (A) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ (FAIL) થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે
   (B) જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્નો કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને વિષયમુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નનાં કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નક્કી કરવું
   (C) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરીક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાનાં પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનનાં ગુણ દર્શાવેલ હોય તો ને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયનાં કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરીક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે
   (D) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે 'marks for merit' ગણતરીમાં લેવાના રહેશે એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે

## 14 સ્વીકારેલ અરજીપત્ર રાજ્યકક્ષાએ જમા કરાવવા અંગેઃ

a. સ્વીકારેલ દરેક અરજી ફોર્મના મથાળે જિલ્લાના નામનો જ સુવાચ્ય સિક્કો લગાવવો. (ગોળ સીલ ન મારવું) આવેલ અરજીફોર્મ સાથે ચેકલીસ્ટમાં સૂચવ્યા પ્રમાણેના ક્રમમાં(અરજી ફોર્મ પ્રથમ રાખી) પ્રમાણપત્રો જોડવા. ઉમેદવારને આપેલ પાવતીની નકલ છેલ્લે જોડવી.
b. ટ્રાયલ વગરના અને ટ્રાયલવાળા અરજી ફોર્મ નીચે મુજબ અલગ બાંધવા
c. ટ્રાયલ વગરના અરજી ફોર્મ ચડતા ક્રમમાં ગોઠવીને પચ્ચાસ-પચ્ચાસના જૂથમાં બાંધી જૂથ ઉપર યાદીની નકલ બાંધવી
d. ટ્રાયલવાળા ઉમેદવારોનાં અરજી ફોર્મ ચડતા ક્રમમાં ગોઠવીને પચ્ચાસ-પચ્ચાસના જૂથમાં બાંધી જૂથ ઉપર યાદીની નકલ બાંધવી

e. ધોરણ 6 થી 8 ના ફોર્મ વિષયવાર અને માધ્યમવાર અરજી ફોર્મ અલગ બાંધવાના રહેશે. (1) ગણિત- વિજ્ઞાન (2) ગુજરાતી (3) હિન્દી (4) અંગ્રેજી (5) સંસ્કૃત અને (6) સામાજિક વિજ્ઞાન
f. ધોરણ 1 થી 5 ના અરજી ફોર્મ માધ્યમવાર અલગ-અલગ બાંધવાના રહેશે.
g. દરેક જૂથ ઉપર બાંધેલ જૂથવાર યાદીની એક નકલ અને સેન્ટરની એક સળંગયાદી રાજ્યકક્ષાએ અલગ આપવાની રહેશે. જિલ્લા કક્ષાએ એક નકલ રાખવાની રહેશે.
**h. રાજ્યકક્ષાએ ફોર્મ તા.30/06/2018ના રોજ 11.00 કલાકે વિદ્યાસહાયક કેન્દ્રીયકૃત ભરતી કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર ખાતે ચકાસણી કરાવી જમા કરાવવાના રહેશે .**

## 15 . ઉમેદવારની ફી મેળવવા બાબતઃ

a. બિન-અનામત ઉમેદવાર માટે રૂ.200/- અને અનામત કેટેગરીના ઉમેદવાર માટે રૂ.100/- ફી લેવાની રહેશે
b. .ઉમેદવાર પાસેથી મેળવેલ ધોરણ 1 થી 5 અને ધોરણ 6 થી 8ની ફીનાં નાણાં રિસીવીંગ સેન્ટરના સ્થળે આવેલ **HDFC** બેંકની શાખામાં અલગ-અલગ સ્લીપમાં "ગુજરાત સ્ટેટ પ્રાયમરી એજ્યુકેશન સિલેક્શન કમિટી' ના ખાતા નં. **50100122312570** માં શક્ય હોય તો રોજે રોજ જમા કરાવવા. ફોર્મ રાજ્ય કક્ષાએ જમા કરાવતા અગાઉ ફી પેટે મળેલ તમામ નાણાં બેંન્કમાં જમા કરાવી જમા કરાવ્યાની સ્લીપની ઝેરોક્ષ રજૂ કરવી.
a. ઉમેદવાર પાસેથી મેળવેલ ફીનો હિસાબ ધોરણ 1 થી 5 અને ધોરણ 6 થી 8 નો અલગ-અલગ પત્રકમાં રાજ્યકક્ષાએ અરજી ફોર્મ સાથે તા.30/06/2018ના રોજ આપવાનો રહેશે. સાથે બેંકમાં નાણાં જમા કરાવ્યા બદલની બેંકની સહી-સિક્કાવાળી સ્લીપની ઝેરોક્ષ નકલ અવશ્ય જોડવી.

| ક્રમ | ફી જમા કરાવ્યા તારીખ | ઉમેદવારોની સંખ્યા | | | જમા કારાવેલ ફી ની વિગત | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બીન અનામત ઉમેદવારની સંખ્યા | અનામત ઉમેદવારની સંખ્યા | કુલ | બીન અનામત ઉમેદાવારની ફી | અનામત ઉમેદાવારની ફી | કુલ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |

દરરોજ વેબસાઇટ, રીસીવીંગ સેન્ટર લોગીનમાં અને ઇ-મેઇલ દ્વારા અપાતી સૂચનાઓને ધ્યાને લેવી અને તેનો અમલ કરવો. દરરોજ વેબસાઇટ અને ઇ-મેઇલ ઓછામાં ઓછા બે-વાર(સવાર-સાંજ) જોતા રહેવું.અને આપેલ સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવો

વિદ્યાસહાયક ભરતી-2018-19 સંદર્ભે જરૂરી માર્ગદર્શન માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો સંપર્ક કરવો (લેન્ડ લાઇન 079-23260401, મોબાઇલ- 7567929611)

**16.** ભરતી સંદર્ભે સરકારના ઠરાવો વેબ સાઇટ ઉપરથી મેળવી અને તેમાં સુચવ્યા મુજબની વિગતો ઉમેદવારોના અરજીપત્રમાં ભરાય તેની ચકાસણી કરવી. વય ચકાસણી માટે ચેકલિસ્ટ વેબ સાઇટ ઉપર મુકવામાં આવેલ છે. તે મુજબ વયની ગણતરી કરવી. રીસીવીંગ સેન્ટર ઉપર આ તમામ પરિપત્રો, ઠરાવો અને સુચનાઓની એક ફાઇલ તૈયાર કરવી જેથી જરૂર પડે તેનો ઉપયોગ કરી શકાય.

***-----*-----*-----*-----***